| તારીખ | ૦૧ | ૦૫ | ૨૦૨૫ |
|---|---|---|---|
| રજી.તારીખ | ૦૧ | ૦૫ | ૨૦૨૫ |
| ફે. તારીખ | ૦૧ | ૦૪ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દીવસ |
| | | | |

---

**જામજોધપુરના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં મુકામ જામજોધપુર**

---

**ફોજદારી કેસ નં.૭૪૦ /૨૦૨૫**

**આંક–**

**ફરીયાદી** – શ્રી સરકાર

જા.જો.પો.સ્ટે. ગુ.ર.નં–૧૧૨૦૨૦૨૬૨૫૦૨૭૦/૨૦૨૫

**વી.**

**આરોપી** – **દિલીપભાઇ ધરમશીભાઇ પરમાર**
ઉ.વ.–૩૨
રહે.કોટડા બાવીસી ગામ,
તા.જામજોધપુર, જિ.જામનગર

---

**ગુન્હો – ગુજ. પ્રોહી. એકટ કલમ– ૬૫(એ)(એ)**

---

| | |
|---|---|
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી** | એસ.યુ.બાબી |
| **આરોપી તરફે વિ. વ.શ્રી.** | એન.એચ.લાલાણી |

**– :: ઠરાવ :: –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૧–૦૪–૨૦૨૫ ના રોજ કલાક ૨૦:૪૫ વાગ્યાની આસપાસ કોટડા બાવીસી ગામની નદીના પુલ પાસે પોતાના ભોગવટાના વાળા મા આરોપીએ ગે.કા પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લી ૦૩, કી. ૪૦૦/– નો પોતાના રહેણાકના વાડામા રાખી મકાને રાખી રેઈડ દરમ્યાન હાજર નહિ મળી ગુનો કરેલ હોય મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ,એ મુજબની ફરિયાદ

આપતા તેની તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા તેને બી.એન.એસ.એસની કલમ – ૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની તમામ નકલો વિના મુલ્યે આપેલ. આ કામે આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૪ થી ગુના અંગેની પ્લી લેતાં, તેઓને ગુનો કબુલ ન હોય હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કવા નીચે મુજબના પુરાવાઓ આપેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | સાહેદનુ નામ | | આકં |
|---|---|---|---|
| ૧ | ફરીયાદી | વલ્લભભાઇ માલદેભાઇ ભાટુ | ૦૭ |
| ૨ | ત.ક.અ | ધમેન્દ્રસિંહ માધુભા કંચવા | ૦૯ |
| ૩ | પંચ સાહેદ | સલીમભાઇ શેરમામદભાઇ મકરાણી | ૧૦ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૮ |
| ૨ | પંચનામુ | ૧૧ |

(૪) ત્યાર બાદ ઉપરોકત પુરાવા રજુ થયા બાદ સરકાર પક્ષે એ.પી.પી શ્રી દવારા વધુ લેખીત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ મૌખિક જાહેર કરતા ઉપરોકત પુરાવાના અંતે આ કામના આરોપી વિરુધ્ધ રેકર્ડ પર આવેલા પુરાવા સંદર્ભે તેને પોતાના બચાવની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી ભારતીયા નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ ૩૫૧ અન્વયે આરોપીના અગાઉ લેવાયેલા નિવેદન તળે વિશેષ નિવેદન લેતા તેમણે જણાવેલ છે કે, તેમના ઉપર ખોટો કેસ કરેલ છે તેમજ તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર પુરાવો આપવો નથી, ત્યાર બાદ બન્ને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલ તેમજ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લીધો.

(૫) આમ, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

:: મુદા ::

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૧–૦૪–૨૦૨૫ ના રોજ કલાક ૨૦:૪૫ વાગ્યાની આસપાસ કોટડા બાવીસી ગામની નદીના પુલ પાસે પોતાના ભોગવટાના વાળા મા આરોપીએ ગે.કા પાસ પરમીટ વગર દેશી પીવાનો દારૂ લી ૦૩, કી. ૪૦૦/– નો પોતાના રહેણાકના વાડામા રાખી મકાને રાખી રેઈડ દરમ્યાન હાજર નહિ મળી ગુનો કરેલ હોય મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ,એ મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્ધાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

:: નિર્ણયો ::

(૧) મુદ્ધા નંબર : ૧ : નકારમાં

(૨) મુદ્ધા નંબર : ૨ : આખરી હુકમ મુજબ.

:: કારણો ::

(૭) ઉપરોકત નિર્ણય પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**મુદા નં.૧ :–**

૭.૧ ફરીયાદપક્ષે ફરીયાદી વલ્લભભાઇ માલદેભાઇ ભાટુ ના તેઓની આંક–૦૭ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૧૧/૦૪/૨૦૨૫ ના રોજ એ બીટ વિસ્તારમાં ક. ૧૯:૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતાફરતા ક.૨૦:૩૦ વાગ્યે કોટડા બાવીશી ગામ પાસે આવતા ખાનગી રાહે હકીકત મળેલ કે કોટડા બાવીશી ગામે નદીના પુલ પાસે રહેતા દીલીપ ધરમશી પરમાર વાડામાં દેશી દારૂ બનાવી વેચાણની પ્રવુતિ કરે છે તે હકીકત ના આધારે બે રાહદારી પંચોને બોલાવી પંચો સાથે હકીકત વાળી જગ્યાએ ક.૨૦:૪૫ વાગ્યે રેડ કરતા સદર જગ્યાએ કોઈ ઇસમ હાજર મળી આવેલ નહી. મજકુરના વાડાની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા વાડામાંથી પ્લાસ્ટીકની પ્રવાહી ભરેલ પારદર્શક કોથળીઓ નંગ–૪ જેમાં રહેલ પ્રવાહી પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેમાં દેશી પીવાનો દારૂ લિ–૨ કિંમત રૂ.૪૦૦/– નો મળી આવેલ હોય તેમાંથી એક સેમ્પલ બોટલ ભરી પંચનામાની વિગતે પંચો રૂબરૂ સાથેના હેડ કો.ડી.એમ.કંચવાએ કબ્જે કરેલ. મજકુર ઇસમ સામે પ્રોહી કલમ ૬૫ એએ મુજબના ગુનાની ફરીયાદ અમોએ આપેલ.જે ફરીયાદ આંક– ૦૮ થી રજુ છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. પેટ્રોલિંગમાં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપી રેડ દરમ્યાન હાજર મળી આવેલ નથી અને તેના પ્રત્યક્ષ કબ્જામાંથી કોઈ મુદામાલ કબ્જે કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે રેડ વારી જગ્યાની માલિકી અંગેના કોઈ કાગળો ફરીયાદ સાથે સામેલ રાખેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઈ મુદામાલ પંચો રૂબરૂ આરોપીના કબ્જામાંથી મળી આવેલ ન હોય કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલ.

૭.૨ ફરીયાદપક્ષે ત.ક.અ ધમેન્દ્રસિંહ માધુભા કંચવા ના તેઓની આંક-૦૯ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૧૧/૦૪/૨૦૨૫ ના રોજ એ બીટ વિસ્તારમાં ક. ૧૯:૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા ત્યારે ફરતાફરતા ક.૨૦:૩૦ વાગ્યે કોટડા બાવીશી ગામ પાસે આવતા ખાનગી રાહે હકીકત મળેલ કે કોટડા બાવીશી ગામે નદીના પુલ પાસે રહેતા દીલીપ ધરમશી પરમાર વાડામાં દેશી દારૂ બનાવી વેચાણની પ્રવુતિ કરે છે તે હકીકત ના આધારે બે રાહદારી પંચોને બોલાવી પંચો સાથે હકીકત વાળી જગ્યાએ ક.૨૦:૪૫ વાગ્યે રેડ કરતા સદર જગ્યાએ કોઈ ઈસમ હાજર મળી આવેલ નહી. મજકુરના વાડાની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા વાડામાંથી પ્લાસ્ટીકની પ્રવાહી ભરેલ પારદર્શક કોથળીઓ નંગ-૪ જેમાં રહેલ પ્રવાહી પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેમાં દેશી પીવાનો દારૂ લિ-૨ કિંમત રૂ.૪૦૦/- નો મળી આવેલ હોય તેમાંથી એક સેમ્પલ બોટલ ભરી પંચનામાની વિગતે પંચો રૂબરૂ અમોએ કબ્જે કરેલ. મજકુર ઈસમ સામે પ્રોહી કલમ ૬૫ એએ મુજબના ગુનાની ફરીયાદ સાથેના પો.કો. વલ્લભભાઈ માલદેભાઈ ભાટુ નાઓએ આપેલ. જે ફરીયાદ આંક- ૦૮ થી રજુ છે.સદર ગુનો રજીસ્ટર કરી તપાસ અમોને સોંપતા તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. મુદામાલ પરિક્ષણ અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ. તેમજ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ ચાર્જશીટ કરેલ.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરેલ છે કે, પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. પેટ્રોલિંગમાં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ મુદામાલ કબ્જે કરેલ નથી.એ વાત ખરી છે કે એફ.એસ.એલ.રીપોર્ટ

ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે એફ.એસ.એલ.રીપોર્ટ રજુ થયેલ ન હોય પકડાયેલ મુદામાલ પ્રતિબંધિત પ્રોહી મુદામાલ હતો કે કેમ તે કહી શકાય નહી. એ વાત ખરી છે કે આરોપી રેડ દરમ્યાન હાજર મળી આવેલ નથી અને તેના પ્રત્યક્ષ કબ્જામાંથી કોઇ મુદામાલ કબ્જે કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે રેડ વારી જગ્યાની માલિકી અંગેના કોઇ કાગળો તપાસના કામે કબ્જે લીધેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદી પોલિસ ના કર્મચારી હોય તેની ફરીયાદ ને સમર્થન આપવા કામગીરી બતાવવા ખોટું ચાર્જશીટ કરેલ.

૭.૩ આ ફરીયાદ મુદ્દામાલ રીકવર કર્યા અંગેના પંચનામાનાં પંચ સાહેદ ને તપાસવામા આવેલ છે. આ પંચ સાહેદ જણાવેલ છે કે, તેઓ પોલીસ સાથે કોઈ કામગીરી માં ગયેલ નથી, પરંતુ તે સમયાગાળમાં તેઓની પોલીસે તૈયાર લખાણમાં સહી લીધેલી. તે રીતે આ પંચ સાહેદે ફરીયાદ પક્ષનાં કેસની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી જેથી સદરહુ પંચસાહેદના પુરાવાથી આ કામે રજુ થયેલ રીકવરી પંચનામાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામુ થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીનાં સમર્થનમાં જે પંચનામું રજુ થયેલ છે, તે પંચનામું ફરીયાદ પક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવું જોઈએ. તે આ કામે પંચનામુ પુરવાર થયેલ નથી.

૭.૪ આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ નથી.

૭.૫ આમ, આ કામે રજૂ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને અનુરુપ પુરાવો આપેલ છે અને આરોપીના કબ્જામાંથી પંચનામાની વિગતે દેશી દારૂ મળિ આવેલ હોવાનું પોતાના પુરાવામાં જણાવે છે. પરંતુ આ કામે એકમાત્ર સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદોનો પડેલ પુરાવો ધ્યાને લેતા તેઓએ માત્ર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હોવાનું જણાવેલ આંક-૧૧ થી રજુ થયેલ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, પંચોની હાજરીમાં આરોપીના કબ્જામાંથી પ્રોહી મુદામાલ મળિ આવેલ હોવાની હકીકતને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી આંક-૧૧ થી રજુ થયેલ પંચનામું પુરવાર થતુ નથી. વિશેષમાં તપાસ કરનાર અધિકારીનો પુરાવો ધ્યાને લેતા પણ પંચનામું પુરવાર થયેલ છે તેમ માની શકાય નહીં. વધુમાં ફરીયાદપક્ષનો પડેલ પુરાવો ધ્યાને લેતા બનાવવાળિ જગ્યા જાહેર જગ્યા હોવાનું ફલીત થાય છે અને બનાવવાળિ જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળિ આવે તેમ હોવા છતા આરોપી ના કબ્જામાંથી પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તે હકીકત પુરવાર કરવા કોઇ સ્વતંત્ર

સાહેદોના નિવેદન તપાસ દરમીયાન ત.ક.અ. એ નોંધેલ હોય તેવું ફલીત થતુ નથી તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદન ન લેવા પાછળનું કોઇ યોગ્ય કારણ પણ ત.ક.અ.ના પુરાવાથી રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આ કામે મુદ્દામાલ સંદર્ભમાં કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ ચાર્જશીટ સાથે રજૂ થયેલ નથી તેમજ એવો કોઈ રીપોર્ટ રજૂ કરવા માટે ત.ક.અમલદાર દ્વારા કોઈ મુદતની માંગણી કરવામાં આવેલ નથી. આ કામે પકડાયેલ મુદ્દામાલની ચકાસણી અંગે એફ.એસ.એલ. રીપોર્ટ રજૂ કરવામાં આવેલ ન હોઈ પકડાયેલ મુદ્દામાલ પ્રતિબંધિત દેશી દારૂ હતો એવા તારણ પર આવી શકાય એમ નથી. વિશેષમાં બનાવવાળિ જગ્યા આરોપીના કબ્જા હેઠળ કે માલીકીની હતી કે બનાવ વખતે આરોપી સદર જગ્યા પરત્વે કબ્જો ધરાવતા હતા તે દર્શાવતો કોઇ પુરાવો ત.ક.અ.એ પોતાની તપાસ દરમીયાન મેળવેલ હોય તેવુ ફલિત થતું નથી. આમ, બનાવના સમય અને સ્થળેથી આરોપીના કબ્જા અને ભોગવટામાંથી પ્રતિબંધીત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તેવુ ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. અત્રે એ નોંધવું જરૂરી છે કે પોલીસ સાહેદોના પુરાવાને આ કોર્ટ નકારતી નથી પરંતુ ઉપર કરેલ ચર્ચા મુજબ પોલીસ સાહેદોના પુરાવાને જયારે અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ ન હોય, પોલીસ સાહેદો હિત ધરાવતા સાહેદો હોય તેમજ પકડાયેલ જથ્થો પ્રોહી મુદામાલ હતો તે દશાવતો કોઇ પુરાવો આ કામે રજુ થયેલ ન હોય તેવા સંજોગોમાં આરોપી પાસે પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તે હકિકત શંકાથી પર પુરવાર થતી ન હોય આમ, આ કામે આરોપી સામે મૂકવામાં આવેલ તહોમત ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી તમામ પુરાવો લક્ષમાં રાખતાં ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદા નં.ર નો અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

(૧) આ કામના આરોપી: **દિલીપભાઇ ધરમશીભાઇ પરમાર,** ઉ.વ.–૩૨, રહે.કોટડા બાવીસી ગામ, તા.જામજોધપુર, જિ.જામનગરભારતીયા નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ,એ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનાં પ્રોહીબીશન મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો તે મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીએ બી.એન.એસ.એસની કલમ–૪૮૧ મુજબ અપીલ સમય

સુધીના રૂા.૫૦૦૦/– (રૂપિયા પાંચ હજાર પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૧[મી] માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– જામજોધપુર
તા. ૦૧–૦૪–૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઇ ગોહેલ)**
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામજોધપુર
જજ કોડ : જીજે – ૦૧૫૮૪

ડી.એચ.ચુડાસમા
ગુજ.સ્ટેનો